(૯)

સને ૨૦૧૯-૨૦
ચાલુ બાબત

ગૌશાળા/પાંજરાપોળો માટે વિભાગીય કક્ષાએ સેમીનાર યોજવા માટેની યોજનાના વહીવટી મંજૂરીના ઠરાવની જોગવાઇ, બોલીઓ અને શરતોમાં સુધારા બાબત.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક.........
10 FEB 2020
શાખા.........
૧૧૦૫

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક :ગવસ/૧૨૨૦૧૯/૧૦૧૫/પી.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૭/૦૨/૨૦૨૦

**વંચાણે લીધા** :

૧. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક:ગવસ/૧૨૨૦૧૮/૧૯૮૫/પી.૧, તા.૨૫/૦૭/૨૦૧૯

૨.કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના પત્રક્રમાંક:ગવસ/૧૨૨૦૧૯/૮૧૦/પી.૧, તા.૨૫/૦૭/૨૦૧૯

૩. ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની કચેરીના પત્રક્રમાંક :ગગવબ/હિસા/બજેટ/૪૮૬૧/૧૯, તા.૨૬/૦૮/૨૦૧૯

**આમુખ**:-

વંચાણે લીધા(૧)ના ઠરાવથી આ વિભાગ હેઠળના ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની સહાયકારી યોજનાઓને સને ૨૦૧૯-૨૦માં ચાલુ રાખવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા (૨)ના પત્રથી પશુપાલન નિયામકશ્રીની અધ્યક્ષપણા હેઠળ રચાયેલ કમિટી દ્વારા ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની સહાયકારી યોજનાઓની સમીક્ષા કરી સુચવેલ ભલામણ મુજબ જરૂરી સુધારા-વધારા સાથે દરખાસ્ત કરવા ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની કચેરીને જણાવવામાં આવેલ. તદઅનુસાર વંચાણે લીધા (૩)ના પત્રથી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની કચેરી દ્વારા ગૌશાળા/પાંજરાપોળો માટે વિભાગીય કક્ષાએ સેમીનાર યોજવા માટેની યોજનાની અમલીકરણની બોલીઓ અને શરતોમાં સુધારા કરવા માટે અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

પુખ્ત વિચારણાને અંતે ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ હસ્તકની ગૌશાળા/પાંજરાપોળો માટે વિભાગીય કક્ષાએ સેમીનાર યોજવા માટેની યોજનાને વંચાણે લીધા(૧)ના તા.૨૫/૦૭/૨૦૧૯ના ઠરાવથી સને ૨૦૧૯-૨૦ના વર્ષ માટે કુલ રૂ! ૧૦.૦૦ લાખ( અંકે રૂપિયા દસ લાખ પુરા)ની જોગવાઈ મુજબ અપાયેલ વહીવટી મંજુરીના ઠરાવની શરતો અને બોલીઓમાં નીચે દર્શાવેલ શરતો અને બોલીઓ મુજબ સુધારો કરી વર્ષ ૨૦૧૯-૨૦માં ચાલુ રાખવાની આથી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે. આ યોજનાનું અમલીકરણ નીચે દર્શાવેલ શરતો અને બોલીઓ મુજબ કરવાનું રહેશે.

- **યોજનાનો ઉદ્દેશ:**

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની સરકારશ્રીએ રચના કરેલ છે. જેમાં પ્રાણી કલ્યાણ તથા બીજા ઉપયોગી પશુઓ નિભાવતી સંસ્થાઓને આર્થિક મદદ કરવી તે ઉદ્દેશ છે. ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની જાણકારી મળે તે માટે આવા સંમેલનો જરૂરી છે.

આવા સંમેલનો દ્વારા આવી સંસ્થાઓ એક બીજાના સંપર્કમાં આવશે. સંસ્થાઓ જે કામગીરી કરે છે તેની એક બીજી સંસ્થાઓને જાણકારી મળશે. આમ જરૂર પડે આવી સંસ્થાઓ એકબીજી સંસ્થાઓને મદદરૂપ પણ થશે. આ સંમેલનમાં ગૌશાળા/ પાંજરાપોળના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે. ગૌ હત્યા પ્રતિબંધના કાયદાના અમલીકરણમાં તથા આ કાયદા નીચે પકડવામાં આવેલ પશુઓને નિભાવવા માટેની આવી સંસ્થાઓના સહકારની પણ આ અધિવેશનમાં ચર્ચા કરી સમજ આપવામાં આવે છે. ગૌમૂત્ર, ગોબર વગેરેના ઉપયોગ, ગૌશાળા/ પાંજરાપોળોમાં પશુની માવજત, વ્યવસ્થા, ખોરાક વગેરે અંગે તથા ગૌ સંવર્ધનની પણ સમજ આપવામાં આવે છે.

- **અમલીકરણની બોલીઓ અને શરતો:**

૧. સેમીનાર યોજવા માટે પ્રચાર-પ્રસાર, બેનર, સાહિત્ય, ચાર્ટસ, પુસ્તિકાઓ, ફોલ્ડર, તથા અધિવેશન માટે જરૂરી ઓડિયો વીજયુઅલ સાધનો, ફોટોગ્રાફી/વિડીયોગ્રાફી, નિષ્ણાત વક્તાઓના માનદ વેતન, ચા-પાણી, નાસ્તા,વર્કીંગ લંચ, ઉપરાંત સેમીનાર માટે જરૂરી હોય ત્યાં મંડપ માટે ખર્ચ કરવાનો રહેશે. એક સેમીનાર દીઠ વધુમાં વધુ રૂ! ૩.૦૦ લાખની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૨. આ યોજના અંતર્ગત સેમીનાર યોજવાની તમામ કામગીરી ગોસેવા અને ગૌચર વિકાસ બોર્ડ દ્વારા પસંદ કરવામા આવેલ સંસ્થા દ્વારા કરવાની રહેશે.

૩. એક સેમીનાર દીઠ વધુમાં વધુ રૂા. ૩.૦૦ લાખનો ખર્ચ કરવાનો રહેશે.

૪. સેમીનાર સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં એક, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં એક તથા દક્ષિણ ગુજરાતમાં એક મળી કુલ ત્રણ સેમીનાર યોજવાના રહેશે.

૫. સેમીનાર માટેનું સ્થળ અને તારીખ ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડએ નક્કી કરવાનું રહેશે.

૬. સેમીનાર અંગેના ખર્ચના બીલ/વાઉચર્સ ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ દ્વારા નિભાવવાના રહેશે.

૭. સેમીનારના આયોજનમાં કરવાનો થતો ખર્ચ સરકારી ધારાધોરણો અને પ્રવર્તમાન નિયમોનુસાર કરવાનો રહેશે.

૮. સેમીનારમાં ઓછામાં ઓછા ૩૦૦ વ્યક્તિઓ હાજરી આપે તેવું આયોજન કરવાનું રહેશે જેમાં ગૌશાળા/પાંજરાપોળના હોદ્દેદારો, પ્રાણી કલ્યાણ માટે કામ કરતી સંસ્થાઓ /ધાર્મિક સંસ્થાઓના હોદ્દેદારો, ગૌશાળા/પાંજરાપોળ સાથે સંકળાયેલ વ્યક્તિઓ, શૈક્ષણિક સંસ્થાઓને હાજર રાખવાના રહેશે.

૯. સેમીનારમાં હાજર રહેલ વ્યક્તિઓના નામ, સરનામું, ફોન. નં., સહી સાથેનું રજીસ્ટર, ફોટોગ્રાફ / વીડિયોગ્રાફી સહિતનો રેકર્ડ બોર્ડ ખાતે નિભાવવાનો રહેશે.

૧૦. આ યોજના માટે વધારાની નાણાકિય જવાબદારી આ અંગેની ઉપલબ્ધ બજેટ જોગવાઇમાંથી જ વહન કરવાની રહેશે. વધારાની નાણાકિય માંગણી/દરખાસ્ત કરવાની રહેશે નહી.

આ યોજના અંગેનો ખર્ચ અંદાજપત્રના નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે અને તે જ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નં. | : ૪ |
| સેક્ટર | : ગ-આર્થિક સેવાઓ |
| સબસેક્ટર | : (ક)- કૃષિ અને સંલગ્ર પ્રવૃત્તિઓ |
| મુખ્યસદર | : ૨૪૦૩- પશુપાલન |
| ગૌણસદર | : ૧૦૨- પશુ અને ભેંસ વિકાસ |
| પેટાસદર | : (૧૧)- ગૌસેવા અને ગૌચર વિકાસ કાર્યક્રમો |
| વિગતવાર સદર | : (૩૧૩૫) સહાયક અનુદાન (ગ) અન્યને(એએનએચ-૧૪) |

આ વિભાગની બજેટ શાખા ગ્રાન્ટ ફાળવણી કરે તે મુજબ તથા સરકારશ્રીના નાણા વિભાગની કરકસર સંદર્ભની વખતો વખતની સુચનાઓને ધ્યાને લઇ ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૨/૦૧/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

"ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે"

(વીપી. ચાવડા)

સેકશન અધિકારી

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ